

દિવ્ય દૃષ્ટિના અજવાળા

::લેખક::
લાભુભાઈ ટપુભાઈ સોનાણી(ઝગમગ)



# દિવ્ય દૃષ્ટિના અજવાળા

::લેખક::
લાભુભાઈ ટપુભાઈ સોનાણી(ઝગમગ)

# દિવ્ય દ્રષ્ટિના અજવાળા


::લેખક::

**લાભુભાઇ ટપુભાઇ સોનાણી**



:: મુદ્રક ::

**રત્ના પ્રિન્ટર્સ**

હલુરિયા ચોક, ભાવનગર

:: પ્રકાશક::

**અખિલ ગુજરાત નેત્રહીન જાગૃત ટ્રસ્ટ**



©રાષ્ટ્રીય અંધજન મંડળ ભાવનગર જિલ્લા શાખા



**મૂલ્ય : ₹૧૦૦**

**પ્રથમ આવૃત્તિ**

તારીખઃ ૩૧ મેં ૨૦૨૫, શનિવાર

સ્થળઃ ભાવનગર

**પ્રત : ૧૦૦૦**

:: પ્રાપ્તિસ્થાન ::

**રાષ્ટ્રીય અંધજન મંડળ ભાવનગર જિલ્લા શાખા**

C/o શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગશાળા

નવા ફિલ્ટર સામે, વિદ્યાનગર, ભાવનગર

Ph. No. 0278 - 2423917,Mo.9727271874

Email : Ltsonani@gmail.com




# પ્રસ્તાવના

વહાલા વાચક મિત્રો

આપ જાણો છો કે તેમ મારા હ્રદયમાં લાગણી અને સંવેદનાનાં બીજ ઉત્પાદિત કરવાની ફેકટરી ઈશ્વરે ઉભી કરી છે. તે આપના સુધી કોઈને કોઇ સ્વરૂપે પહોંચવા થનગનાટ કરતી રહે છે. જુદા જુદા શીર્ષક તળે પુસ્તક સ્વરૂપે તમારા સુધી તેને પહોંચાડવાનો મેં હંમેશા નમ્ર પ્રયાસ કર્યો છે.

શરીરનું ઘણું મહત્વનું અભિન્ન અંગ કહી શકાય એવી આંખોની દ્રષ્ટિ ગુમાવ્યા પછી પૃથ્વી પર ઉતરનાર વ્યક્તિઓએ જે સહન કર્યું છે. નિભાડામાં જેમ માટલું શેકાઈને માટીમાંથી નક્કર સ્વરૂપ ધારણ કરે છે. તેમ વિષમ પરીસ્થિતિ સામે લડીને ઘણા બધા ક્ષતિગ્રસ્ત લોકોએ પોતાની પ્રતિભાને વિકસાવીને વિસ્તારી છે. આવા વ્યક્તિઓની સાભાર નોંધ લેવા 'દિવ્ય દ્રષ્ટિના અજવાળા' શીર્ષક તળે બ્રેઈલ આખ્યાન લઈને આપની સમક્ષ આવવાની તક મળી છે. તે માટે હુ મારી જાતને નસીબવાન સમજુ છું.

અંધજન શિક્ષણના ઈતિહાસ વિષે ઘણી જાણવા જેવી વાતો તમને આ પુસ્તકમાં મળશે. રામામંડળ આખ્યાન શૈલીમાં તૈયાર થયેલા સંવાદો અને પદો આ બ્રેઈલ આખ્યાનમાં ઢાળવામાં આવ્યા છે.

આપણે ત્યાં પ્રેમાનંદ જેવા આખ્યાનકારોએ નળદમયંતી જેવા પાત્રોને રજુ કરી સત્યનું મૂલ્ય શું છે તે સમજાવવા પ્રયાસ કર્યો છે. તેમજ અપાયેલા વચનની કિંમત કેટલી છે તેના માટે વ્યક્તિએ કેટલું સહન કરવું પડે છે તે બધી વાતોને વણી છે. અંતમાં તેણે વચનપાલક વ્યક્તિને સફળ બતાવી જીત આપી છે.

એવી જ વાતો 'દિવ્ય દ્રષ્ટિના અજવાળા' બ્રેઈલ આખ્યાનમાં મુકવાનો પ્રયાસ કર્યો છે. જુદાજુદા વ્યક્તિત્વને મુકીને તેના ઉદાહરણો રજુ કર્યા છે. મને આશા છે કે તમને આ બ્રેઈલ આખ્યાન વાંચવું ગમશે. ખરા અર્થમાં દિવ્ય દ્રષ્ટિના અજવાળા અંધજન શિક્ષણ અને અંધજન પુનર્વાસમાં પ્રકાશ પાથરશે.

# મહેચ્છા...

શબ્દનાં નગરમાં સહેલ કરવા નીકળ્યો છું.
આંખ વિનાના અજવાળા ચોમેર વેરવા ચાહું છું.
ભાષાની ભાતીગળ વાતો તમને કહેવા માંગું છું.
અંતરનાં આંગણે ભાવથી શબ્દનાં ચોખલીચે સૌને વધાવું છું.
મળે જો સાથ તમારો અંધારા ઉલેચી અજવાળા પાથરવા ઈચ્છું છું.
બંધ આંખોનાં દષ્ટિનાં દ્વાર ખુલ્લા મુકી સૌને આવકારું છું.
'ઝગમગ' સપના બીજાના સજાવવા વેપાર બધુ ચલાવું છું.

**તા. ૩૧ મેં ૨૦૨૫, શનિવાર**
**સ્થળઃ ભાવનગર**

**લાભુભાઇ ટી. સોનાણી**
(ઝગમગ)



# લેખક પરીચય

નામઃ- લાભુભાઇ ટપુભાઇ સોનાણી (ઝગમગ)
જન્મ તારીખઃ- ૧૫/૦૩/૧૯૬૭
જન્મ સ્થળઃ- તરસમિયા(ભાવનગર)
કાયમી સરનામુંઃ- 'નિષ્ઠાકુંજ', ૧૪-B, શિવાજીપાર્ક, મેરુબાગ, ફાતિમા કાન્વેન્ટની બાજુમાં, ઘોઘા રોડ, ભાવનગર - ૩૬૪૦૦૨
પત્ર વ્યવહારનું સરનામુંઃ- શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉધોગ શાળા, નવા ફિલ્ટર સામે, કૉલેજ રોડ, વિદ્યાનગર, ભાવગનર-૩૬૪૦૦૨
મોબાઈલ નંબરઃ- ૯૩૭૬૬૮૮૫૫૪
ફોન ઓફિસઃ-(૦૨૭૮)૨૪૨૩૯૧૭ મો. ૯૭૨૭૨૭૧૮૭૪
વેબસાઇટઃ-www.ltsonani.com
ઈ-મેલઃ- ltsonani@gmail.com
ફેસબુક પેજ :- Labhubhai T. sonani
યુ-ટ્યુબ ચેનલ :- Shri Labhubhai T Sonani
લાયકાત :- બી.એ., બી.એડ્. સંગીત વિશારદ

# કુટુંબ પરીચય

જીવનસાથી :- સ્વ. શ્રી નીલાબહેન લાભુભાઇ સોનાણી
પુત્રીઃ-નિષ્ઠા લાભુભાઇ સોનાણી
**સેવાકીય સંસ્થા સાથે જોડાણઃ–**
(૧)જનરલ સેક્રેટરીઃ- શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉધોગ શાળા-ભાવનગર
રાષ્ટ્રીય અંધજન મંડળ ભાવનગર જિલ્લા શાખા-ભાવનગર
(૨)ઉપપ્રમુખ - રાષ્ટ્રીય અંધજન મંડળ રાજયશાખા અમદાવાદ
(૩)પ્રમુખઃ- શ્રી અંધ અભ્યુદય મંડળ-ભાવનગર
અખિલ ગુજરાત નેત્રહીન જાગૃત ટ્રસ્ટ-ભાવનગર
ગુજરાત અપંગ સંસ્થા સંચાલક સંઘ-અમદાવાદ

આ ઉપરાંત રાજયની અનેક સંસ્થાઓ સાથે જુદા-જુદા હોદ્દા પર પોતાની સેવાઓ પ્રદાન કરી રહ્યા છે.

**અન્ય પ્રકાશન**

(૧) જીવનનો ધબકાર - મારી સ્મરણયાત્રા
(૨) સંવેદનાની શોધ
(૩) વિકલાંગતા વિધેયક ૨૦૧૬નો સંક્ષિપ્ત અનુવાદ
(૪) ઉપવન
(૫) અનુભવની ઘટમાળ
(૬) અનુભવનો ઉજાસ
(૭) લાગણીનો દસ્તાવેજ
(૮) યાત્રાનો આનંદ
(૯) ઉમંગ

## સત્કાર

વિવિધ સામાજિક સેવાઓ બદલ કવિ, લેખક અને સામાજિક કાર્યકર શ્રી લાભુભાઇ ટી. સોનાણીને વર્ષ-૧૯૯૭ થી લઇ આજ સુધીમાં રાજય સરકાર અને અનેક સંસ્થાઓ દ્વારા વિવિધ એવોર્ડ અને સન્માનપત્રોથી સન્માનિત કરવામાં આવેલ છે. નેત્રહીનોનાં સેવાયજ્ઞને ધ્યાને લઇ તાજેતરમાં તેઓશ્રીને પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવાકુંજ - સુરેન્દ્રનગર દ્વારા 'પંડિત સુખલાલજી એવોર્ડ' થી નવાજ્વા માં આવેલ છે.



## સર્જકની કલમે

મારે બ્રેઇલમાં ચોપડી વાંચવી, જ્ઞાન ગમ્મતની વાતો મારે જાણવી.
છ બિંદુની રમત મારે માંડવી, સંજ્ઞા ત્રેસઠ એની મારે કરવી,
જ્ઞાન ગમ્મતની વાતો મારે જાણવી.
ગીત, ભજન,કવિતા મારે શીખવી, નિત નોંધ નવી મારે લખવી,
જ્ઞાન ગમ્મતની વાતો મારે જાણવી.
કાગળ,કલમ,ચિપપાટી મારી સંપતી, સુખ સગવડની વહેતી એ તો ગોમતી,
જ્ઞાન ગમ્મતની વાતો મારે જાણવી.
પુસ્તક વાંચવું ગમે, કવિતા ગાવી ગમે, સુર શબ્દની મોજ મારે માણવી,
જ્ઞાન ગમ્મતની વાતો મારે જાણવી.
લાયબ્રેરી મોટું યાત્રાધામ છે, માયા નિત એની મારે રાખવી,
જ્ઞાન ગમ્મતની વાતો મારે જાણવી.

આંખનું તેજ બની ઉતરેલા પ્રજ્ઞાલોકનાં અજવાળા એટલે બંધ આંખે સુક્ષ્મ દૃષ્ટિ દ્વારા દુનિયાને નિહાળતા મહાનુભાવો. જેના ચરિત્રો વાંચી આપણા સૌના હૃદય પુલકિત બની લાગણીની સરિતા વહી નીકળે તેવી અનેક કહાનીઓનો સંપુટ એટલે દિવ્ય દૃષ્ટિના અજવાળા. રામામંડળ આખ્યના શૈલીમાં તૈયાર થયેલ આ બ્રેઇલ આખ્યાન માળા બ્રેઇલ પ્રત્યે રૂચી વધારવા પ્રેરીત કરશે. પુસ્તકનાં પાને આગમન તમારું નિહાળી હૈયાના ઝરુખે હરખના સાથીયા પુરવા મન ઉતાવળું બન્યું છે. ગુલાબ મોગરો થઇ શબ્દ મહેકવા હવાની લહેરકી પર બેસી નીકળી પડયો છે. આંખોનાં અંધકાર વચ્ચે તે લાગણી રેલવવી આવકાર પામશે તેવી મને શ્રદ્ધા છે. એટલે માયલો કહે છે. શ્રી કવિ મકરંદ દવેની પંકિતમાં...

''ગમતું મળે તો અલ્યા ગુંજે ન ભરીયે, ગમતાનો કરીએ ગુલાલ''

ઇતિહાસની ઘણી વાતો વિઝયુઅલ ઇમ્પેરમેન્ટનાં ભાવી શિક્ષકોને ટ્રેનીંગ કોલેજમાં ભણાવતો ત્યારે જાણવા મળતી હતી. સંદર્ભ સાહિત્યમાંથી આ બધી વાતો વિષે માહિતી એકઠી કરી તાલીમાર્થી સાથે પરામર્શ થતી હતી.ત્યારે મનમાં સતત એક વાત ઘોળાયા કરતી કે આ બધી વાતો સામાન્ય લોકો સુધી સરળ ભાષામાં પહોંચવી જોઇએ. તેણે લોકભોગ્ય બનાવવા તેનું સ્વરૂપ બદલી નવા રંગરૂપ સાથે મુક્વી જોઈએ. જે રીતે દીકરીના ચાંદલાવિધિ થયા છે અને તે પછી એકવાર તેના લગ્ન લેવાની ઘડી આવી પહોંચે છે. તેમાં અંતરમાં જાગેલા ભાવોને નવા સ્વરૂપમાં મુકવાની એ ઘડી ગાજતે વાજતે આવી પહોંચી છે ત્યારે કવિ શ્રી મકરંદ દવેની જેમ જ ગમતાનો ગુલાલ કરવા સારું કેટલીક વાતો દિવ્ય દ્દષ્ટિના અજવાળા શીષર્ક નીચે લઇને આવ્યો છું. જે તમને ગમશે તેવી મને શ્રદ્ધા છે.

‘‘સુરના તાંતણે ઉભરાયા લાગણીનાં ભાવો, દિવ્ય દ્દષ્ટિના દેખાયા અનોખા અજવાળા’’

જેના કારણે અંતરમાં ધરબાયેલી લાગણીનાં ભાવો શબ્દ બની ઉછળકુદ કરતા કરતા તમારા સુધી પહોંચવા પુસ્તકનાં પાને સવાર થઇ નીકળી પડયા છે. ભુતકાળનાં શમણાં તમને મળવા દોડી રહ્યા છે. આશા છે કે તમારી મુલાકાતથી તૃપ્ત થઇ ખુશીના ખજાના નીખરશે.

લાભુભાઇ ટી. સોનાણી(ઝગમગ)



# ઋણ સ્વીકાર

અંધજન શિક્ષણનાં ઈતિહાસની વાતો એક પુસ્તક સ્વરૂપે મુકવામાં સહભાગી થનારા મારા સ્નેહીમિત્ર શ્રી હસમુખભાઇ જી. ધોરડા તેમજ વ્હાલસોયી દીકરી નિષ્ઠાનો હું આ પ્રંસગે આભાર માનું છુ. સંપાદનનાં કાર્યમાં જેમનો ટેકો મળ્યો છે તેવા મારા સ્નેહીમિત્ર શ્રી સુરેશભાઇ એન. ત્રિવેદી તથા શ્રી સંદીપભાઇ વિ. રામાનુજ (કમ્પ્યુટર ડિઝાઇન - ટાઇપ સેટીંગ) તેમજ રત્ના પ્રિન્ટિંગ પ્રેસ પરિવારનો અંતરથી આભાર માનું છું. પુસ્તકનાં પાત્રો અને પ્રસંગોને રામામંડળ આખ્યાન શૈલીમાં ઢાળવા સ્વરાંકન કાર્યમાં ટેકો આપનાર દીકરી અંકિતા એલ. ચૌહાણ અને સંજય એચ. જાદવનો હું અંતરથી આભાર માનું છું.

ટાઇપ સેટિંગ કરનાર શ્રી હર્ષ એન. ધ્રાંગધરિયા, પુસ્તકનું બ્રેઇલીકરણ કરનાર શ્રી વિરભદ્રસિંહ ચૌહાણ તેમજ ઓડીયો રેર્કોડીંગ અને કાવ્યપઠનમાં સહયોગ આપનાર શ્રી જિજ્ઞાબેન જે. બધેકા તેમજ સમગ્ર સંસ્થા પરિવાર ઉપરાંત નામી-અનામી સૌ કોઇ મદદ કરનાર સ્નેહીજનોને ઊર્મિની શાહી અને વાણીનાં વૈભવથી વધાવું છું.

લાભુભાઇ ટી. સોનાણી(ઝગમગ)

# દિવ્ય દષ્ટિના અજવાળા

## બ્રેઈલ આખ્યાનઃ

ઈતિહાસના પાને નજર કરતા આપણને જાણવા મળે છે કે પહેલાંના સમયમાં જ્ઞાનેન્દ્રિય અથવા શરીરનું કોઈપણ અંગ ગુમાવવાના લીધે આવા વ્યકિતઓને કેટલું સહન કરવું પડતું હતું. એટલુ જ નહી પરીવારના સભ્યો તેમનો પાપી સમજી ત્યાગ કરી દેતાં હતાં. જેના કારણે અનેક અંધજનો રસ્તે રજળતાં થયા હતાં. આવા લોકો ભીખ માંગી જીંદગીના દિવસો પસાર કરતાં હતાં. તે પૈકી કેટલાક લોકોએ મહેનતના બળે સિદ્ધિ મેળવી હતી. તેના અનેક ઉદાહરણ આપણને ઈતિહાસના પાને વાંચવા મળે છે.

જાણો અંધજન ઈતિહાસની વાત જાણો,
એનો મહિમા બહુ છે અપાર,ઈતિહાસની વાત જાણો.
જાણો અંધજન ઈતિહાસની વાત જાણો,
આંસુ અમૃત બનાવી લોક જીવતા હતા, એની આવે નહિ કોઈ તોલ.
ઈતિહાસની વાત જાણો.
લુઈ,હેલન, ડિડિમસ આવિયા હતાં, મારિયા થેરીસા હતાં મહાન,
ઈતિહાસની વાત જાણો.
જ્હોન મેડકાફે રસ્તા બનાવિયા હતા, ગણિત શાસ્ત્રી થયા સોંડર્સન.
ઈતિહાસની વાત જાણો.
સુખનો સુરજ પેરીસમાં ઉગીયો હતો, સદી અઢારનો હતો એ કાળ,
ઈતિહાસની વાત જાણો.
જાણો જાણો ઈતિહાસની વાત જાણો.
પાપી સમજી લોકો ત્યાગ કરતા હતાં, નોંતું એનું કોઈ મુકામ,
ઈતિહાસની વાત જાણો.
જુદા-જુદા સ્વરૂપે ઈશ્વર આવિયા હશે, ઝગમગ જાણે એના પ્રમાણ,
ઈતિહાસની વાત જાણો.



જાણો જાણો ઈતિહાસની વાત જાણો.

**ટોર્લો–કેર્લોકન** : તેનો જન્મ ૧૬૭૦ માં થયો હતો. તે પોતાના રચેલા યુદ્ધ ગીતો ગાતો હતો. લોક-ગીતો માટે તે ઘણો જાણીતો બન્યો હતો. તેણે પોતાની ગેલિક ભાષામાં લગભગ બે હજાર ગીતો રચ્યાં હતાં. તેની નોંધ ખુબ જાણીતા કવિ આઈરીશે કરી છે. તેણે તેમાના કેટલાંક ગીતો પોતાના પુસ્તકમાં પ્રગટ કર્યા છે. ટોર્લો પોતાના કર્ણની શકિત વિશે કહે છે કે મારી બે આંખો મારા કાન સાથે જડાયેલી છે.

ઈતિહાસની વાત જાણો.

અજ્ઞાનના ઘોર સાગરમાંથી અંધજનોને બહાર લાવવામાં ગાતા-ફરતા ભાટચારણોનો ઘણો મોટો ફાળો રહ્યો હતો. તેમણે ગીત સંગીત દ્વારા લાકજાગૃતિનું ઘણું મોટું કામ કર્યું હતુ. એટલું જ નહી તેમણે પુરુષાર્થની પ્રતિમા બની ચોમેર અંધ લોકોની શકિતનું અજવાળું પાથર્યું હતું.

આજે લુઈની લીપીનું સમરણ અમને ગમે,
રટણ એનું દિવસ ને રાત લુઈની લીપીનું સમરણ અમને ગમે.
આજે આંખોનો અંધાપો હરી એણે ઉજાસ દીધો,
છ બિંદુની છે કમાલ,
લુઈની લીપીનું સમરણ અમને ગમે.
આજે દુર્દિનયની ભાષા બ્રેઈલે કેદ કરી,
સંજ્ઞા બનાવી ત્રેસઠ.
આજેલુઈના પ્રતાપે અંધજન પ્રગતિ કરે,
વૈભવ માણે છેઅપાર.
લુઈની લીપીનું સમરણ અમને ગમે.
આજે દિવ્ય દષ્ટિના દાતાને નમન ઘણા,
લળી-લળી લાગું એને પાય.

મહાત્મા લુઇ બ્રેઇલે તૈયાર કરેલ લીપીના સ્મરણ બાદ સુંદર મજાના લોકઢારમાં રચાયેલા પદમાં લુઇ બ્રેઇલની આરાધના કરીએ...

## ગરબો

ફ્રાંસ દેશના મહાત્મા લુઇ બ્રેઇલ, બોલાવે નાના નાના બાળ
લુઇ બ્રેઇલ આવોને મળવા.
બાર ટપકાના સંકેત જાણીને લીપી બનાવી વિશાળ.
લુઇ બ્રેઇલ આવોને મળવા.
ફ્રાંસ દેશના મહાત્મા લુઇ બ્રેઇલ,
બોલાવે નાના નાના બાળ લુઇ બ્રેઇલ આવોને મળવા.
કાગળ કલમ ચિપ પાટી સૌ લાવજો,
લુઇના લખવા છે વખાણ.
લુઇ બ્રેઇલ આવોને મળવા.
અંધજનોના તમે અવતારી આત્મા,
સુખનો સજાવ્યો દરબાર. લુઇ બ્રેઇલ આવોને મળવા.
ફ્રાંસ દેશના મહાત્મા લુઇ બ્રેઇલ, બોલાવે નાના નાના બાળ
લુઇ બ્રેઇલ આવોને મળવા.
આંખોના તેજ તમે ટેરવે અપાવ્યા, અંધારા દીધા તમે ખાળી.
લુઇ બ્રેઇલ આવોને મળવા.
ફ્રાંસ દેશના મહાત્મા લુઇ બ્રેઇલ બોલાવે નાના નાના બાળ,
લુઇ બ્રેઇલ આવોને મળવા.

### સમજુતિઃ

ખોટખાપણ વાળા બાળકોનો જન્મ કમનસીબ ઘટના માનવામાં આવતી હતી. પરિવારમાં તેનું આગમન પાપી આત્માનો અવતાર માનવામાં આવતો હતો. આવા બાળકો અપશુકનિયાળ ગણાતાં હતાં. તેથી લોકો તેનો વહેલીતકે ત્યાગ કરી દેતા હતાં. સમાજની આવી ખોટી માન્યતાના લીધે અનેક અંધજનો રસ્તે રજળતા થઇ ગયાં હતાં.

આજે આંખનો અંધાપો ઘણો દોયલો હતો.



ઘરમાં રાખે નઇ કોઇ,
આંખનો અંધાપો ઘણો દોયલો હતો.
આજે દેવળે દેવળે અંધજન ભટકી ફરે,
ભજન કરી ભરે એનું પેટ.
આંખનો અંધાપો ઘણો દોયલો હતો.
આજે દરણું દળીને અંધજન પેટીયું રળે,
સંગીત છેડે ચારેકોર.
આંખનો અંધાપો ઘણો દોયલો હતો.

તે સમયે અંધાપો શાપરૂપ માનવામાં આવતો હતો. પણ જેમ ખારા સમુદ્રમાં એક મિઠી વિરડી હોય છે. તેમ કેટલાક ચિંતકોએ ઉતમ વિચારોનું વાવેતર કરી સમાજમાં ઘર કરી ગયેલી માન્યતાઓને જડમુળથી ઉખાડી ફેંકવા ઘણું મહત્વનું કામ કર્યુ હતું. જેના કારણે ચોમેર પરીવર્તનનો પવન ફુંકાયો હતો. કેટલાક અંધજનો જીંદગીના મોરચે લડી સફળ પણ થયા હતાં. આવા લોકોએ અંધાપાને ''ઓઠીકણ'' બનાવી તેને ઓશીકે મુકી તેના પર અડિંગો જમાવ્યો હતો. જેન કેટલાક ઉદાહરણો અહીં લેવામાં આવ્યા છે.

### મહાન તત્વ ચિંતક ડેનિસ ડિડ્રોટ

તે ખુબ મોટો સનેત્ર ફીલોસોફર હતો. ઉપરાંત લેખક  અને પ્રખ્યાત પત્રકાર પણ હતો. યુરોપમાં તેના સંવેદનશીલ લખાણોના લીધે ઘણી મોટી ક્રાંતિ આવી હતી. તેના કારણે પ્રજ્ઞાચક્ષુ લોકોની શક્તિને વાચા મળી હતી. પરીણામે આવા લોકો પ્રત્યે સમાજની કુણી લાગણી બંધાણી હતી. સમય જતા અંધજનોને સમાજમાં આવકાર મળવા લાગ્યો હતો.મજબુત મનોબળ ધરાવતાં અંધજનોએ તેનો લાભ લઇ અવનવા ક્ષેત્રે પ્રગતિ કરી હતી. સમાજનું વલણ અને દ્દષ્ટિકોણ બદલાતા સફળતા મેળવી સમાજની મુખ્ય ધારામાં સ્થાન જમાવ્યું હતું આવા લોકોને શબ્દથી નવાજવા ઝગમગ ગાઇ ઉઠે છે.

માયલો મારો મોજ કરે છે, મિઠા ગીતો ગાઇ,
સુરને શબ્દ આજ જડે છે અક્ષર થઇ રેલાઇ.
માયલો મારો મોજ કરે છે, મિઠા ગીતો ગાઇ,
હૈયાની હવેલી ખોલી સુખનો ધરશું થાળ,
શબ્દના ચોગાનમાં બેસી પ્રેમે કરશુ વાત.
માયલો મારો મોજ કરે છે, મિઠા ગીતો ગાઇ,
સુરને શબ્દ આજ મોજ કરે છે, મિઠા ગીતા ગાઇ
માનવતાની મેડીએ મળવા ચાલે છે સંવાદ,
ઉર ઉમંગના અજવાળે એ દોડે દિવસ રાત.
માયલો મારો મોજ કરે છે, મિઠા ગીતો ગાઇ,
સુરને શબ્દ આજ જડે છે અક્ષર થઇ રેલાઇ.
જીવન મારું સરિતા બની ખળખળ વહેતું જાય,
જગ હરિયાળું જોવા ઝગમગ શમણા દેતું જાય.
માયલો મારો મોજ કરે છે, મિઠા ગીતો ગાઇ,
સુરને શબ્દ આજ જડે છે અક્ષર થઇ રેલાઇ.

## અંધજન સંઘર્ષ ગાથા:

અંધજન શિક્ષણનો ઈતિહાસ માનવજીવન જેટલો જ જુનો છે . મહાભારતમાં આપણને ધૃતરાષ્ટ્ર વિશે જાણવા મળે છે. એવી જ રીતે સુરદાસજી, પંડિત સુખલાલજી, હેલન કેલર, શ્રી રાજેન્દ્રભાઇ વ્યાસ, શ્રી જગદીશભાઇ પટેલ જેવા અનેક અંધજનોને જીવન સંગ્રામ ખેલી સામા પાણીએ વહાણ ચલાવા જેવું કામ કર્યું છે. આવા બહાદુર અને પ્રતિભાવાન અંધજનોને મારા કોટી કોટી વંદનઃ

આ પ્રસંગે કેટલિક વિરલ પ્રતિભાઓને યાદ કરી આપણે બ્રેઇલ આખ્યાનમાં આગળ વધીશું

પૃથ્વી લોકમાં આવ્યા ડિડિમસ, પૃથ્વી લોકમાં આવ્યા રે;
આંખના તેજ ગુમાવ્ય હો ડિડિમસ, આંખના તેજ ગુમાવ્યા રે.
સંઘર્ષના પોટલાં ખોલ્યાં હો ડિડિમસ,
સંઘર્ષના પોટલાં ખોલ્યાં રે.



**(૧) ડિડિમસઃ**

માત્ર પાંચ વર્ષની વયે ડિડિમસે આંખોની દષ્ટિ ગુમાવી હતી.તેમનો જન્મ ઈ.સ.૩૦૮ માં એલેકઝાંડરીયામાં થયો હતો. તેમણે લાકડામાંથી કોતરી સ્પર્શ દ્વારા ઓળખી શકાય તેવા અક્ષરો બનાવ્યા હતા. લાકડાની કાતરણીમાંથી તૈયાર થયેલા અક્ષરો વડે તે શબ્દો તેમજ વાકયો લખતા હતા. ડિડિમસની આ શોધના કારણે અંધજનો થોડુંઘણું શિક્ષણ મેળવતા થયા હતાં. ડિડિમસ જયોતિષ વિદ્યામાં પણ ઉંડું જ્ઞાન ધરાવતા હતા. તેના ઘણા શિષ્યો મોટું નામ કમાયા હતા.

જ્ઞાનના અજવાળા તારા સુરમાં રેલાયને.
માનવતાના મુલ મહેકાયા, માનવતાના મુલ મહેકાયા.
સુખનું સામ્રાજય આપી, અંધને ઉગારિયાને,
રોજગારના રંગે રંગાયા રોજગારના રંગે રંગાયા.
જ્ઞાનના અજવાળા, તારા સૂરમાં રેલાયાને,
માનવતાના મૂલ મહેકાયા, માનવતાના મૂલ મહેકાયા.

**(૨) સેંટ હાર્વેઃ**

તે ખુબ મોટો સંગીતકાર હતો. તેમના પિતા પણ પ્રજ્ઞાચક્ષુ હતા. બ્રિટેનમાં સેંટ હાર્વેના જન્મ સ્થળે તેમની સમાધી બનાવામાં આવી છે. આ સમાધી સ્થળે દર વર્ષે આજે પણ સંગીતકારો ભેગા મળી મોટો ઉત્સવ ઉજવે છે.

આજે કોણ કે હું જાપાન દેશનો માનવી રે,
હિટોયાસુ હોય મારા નામ, કોણ કે હું જાપાન દેશનો માનવી રે.
આજે ભીખનું દુષણ મારે ટાળવું રે, સંગીત એનો છે ઉપાય,
ભીખનું દુષણ મારે ટાળવું રે.

**(૩) પ્રિન્સ હિટોચાસુઃ**

સંગીત અને સાહિત્યનો તે મોટો તજજ્ઞ હતો. તેમના પ્રયાસથી જાપાનના અનેક અંધજનો ભીખ માંગવાનું છોડી સંગીતના વ્યવસાયમાં જોડાઇ પ્રગતિ કરી નામ કમાયા હતા.

આજે કવિતા લખવાનું મારા દિલમાં વસ્યું,
બલમારી હોય મારાં નામ, કવિતા લખાવાનું મારા દિલમાં વસ્યું.
આજે ધર્મની ધરા અમને ગમતી નથી,
એના નથી કોઇ જવાબ. ધર્મની ધરા અમને ગમતી નથી.
આજે કવિતા લખવાનું મારા દિલમાં વસ્યું.
બલમારી હોય મારા નામ કવિતા લખવાનું મારા દિલમાં વસ્યું.

**(૪) અબ્દુલ–અલ–બલમારીઃ**

તે એક ખ્યાતનામ કવિ હતો. બગદાદમાં શિક્ષણ પ્રાપ્ત કરનાર અબ્દુલ-અલ-બલમારી તે વખતના કવિઓમાં મોખરાનું સ્થાન ધરાવતો હતો. તેની રચનાઓ આધ્યાત્મિક જગતને ઘણા પડકારો ફેંકી પ્રશ્નો ઉપસ્થિત કરતી હતી.

**(૫) પ્રોસ્પેરો ફેંગાનીઃ**

જન્મ ઇ.સ.૧૫૯૦ રોમન ચર્ચમાં તેમણે મોખરાનું કાર્ય કર્યું હતુ. તે ધાર્મિક પ્રવૃત્તિઓનો બાદશાહ ગણાતો હતો.

આજે આંખના અજવાળા મારા ઉરમાં ખિલે,
કવિતા ગુંજે દિવસ-રાત આંખના અજવાળા મારા દિલમાં ખિલે,
આજે કલાનો સુરજ મારો મધ્યાને તપે.
જહોન મિલ્ટન હોય મારા નામ, કલાનો સુરજ મારો મધ્યાને તપે.

**(૬) જહોન મિલ્ટનઃ**

તેમનો જન્મ ૧૬૦૮ માં ઇંગ્લેન્ડમાં થયો હતો. જહોન મિલ્ટને પોતાને થયેલા આંખના રોગનાં ચિન્હો વિશે કરેલું વર્ણન તબીબી ક્ષેત્રે આજે પણ ઘણું આધારભૂત



માનવામાં આવે છે. મિલ્ટને પોતાની લાગણીઓ દર્શાવવા ''ધ પરેડાઇસ લોસ્ટ'' કાવ્ય સંગ્રહ રચ્યો હતો. તે ઘણો ઉપયોગી પુરવાર થયો છે. તેમણે કેંબ્રિજ યુનિવર્સિટીમાંથી સ્નાતકની પદવી મેળવી હતી.

આજે જ્ઞાનાના અજવાળે જીવન જીવવું ગમે,
મેડકાફ હોય મારા નામ, જ્ઞાનના અજવાળે જીવન જીવવું ગમે.
આજે ભોમિયો બની મને ફરવું ગમે, જંગલ ઘણું છે વિકરાળ.
ભોમિયો બનીને મને ફરવું ગમે.

**(૭) જહોન મેડકાફ(જન્મ ઇ.સ. ૧૬૭૦):**

તે એક બાહોશ ઘોડેસવાર હતો. તેમનાથી પ્રભાવિત થઇ એક સ્ત્રીએ તેની સાથે પ્રભૂતામાં પગલાં પાડયા હતા. આ સ્ત્રી એક કલાક બાદ અન્ય પુરુષ સાથે પરણવાની હતી. તેમણે ઇંગ્લેન્ડમાં ભાંગેલા પથ્થરનો ઉપયોગ કરી પાકા રસ્તા બાંધવાનું કામ શરુ કર્યું હતુ. તેમની આ શોધે વિશ્વને પાકા રોડ રસ્તાની ભેટ આપી છે. આ નવતર પ્રયોગના કારણે વિશ્વમાં ટકાઉ રોડ રસ્તા બાંધવાનું શકય બન્યું છે. સંપુર્ણ દ્દષ્ટિહીન હોવા છતાં જંગલ વિસ્તારમાં પણ તે એક ઉત્તમ ભોમિયા તરીકે લોકોને રાહ બતાવી રોજગારી મેળવતો હતો. તે એક મહાન તરવૈયો પણ હતો. માત્ર ૧૯ વર્ષની વયે તેમણે ૨૦૦કિ.મિ સમુદ્રની સફર કરી હતી. તે એક અસાધારણ વ્યક્તિત્વનો માલિક હતો.

આજે ફ્રેંકોઇસ કહે સૌ કોઇ સાંભળોને,
કહું મારા દિલડાંની વાત,
ફ્રેંકોઇસ કહે સૌ કોઇ સાંભળોને.
આજે યુવાનીના ઉંબર અમે આંબિયા રે,
ચાલ્યા આંખના ઉજાસ.
આજે યુવાનીના ઉંબર અમે આંબિયા રે,

### (૮) ફ્રેંકોઇસ હ્યુમર(જન્મ ઇ.સ. ૧૭૫૦):

પંદર વર્ષની વયે આંખોની દષ્ટિ ગુમાવી હોવા છતાં તે પ્રાણી શાસ્ત્રનો જાણીતો વૈજ્ઞાનિક બન્યો હતો. બિમારીના લીધે તેમણે જિનેવા શહેર છોડી ગામડામાં વસવાટ કર્યો હતો. ત્યાં તેમણે મધમાખીની આદતો અને તેના જીવન વિકાસ પર સંશોધન કર્યું હતું. તેમણે તારવેલ સિદ્ધાંતો આજે પણ ખોટા ઠર્યા નથી. તે જમાનામાં ખ્યાતનામ પ્રાણી શાસ્ત્રી તરીકેની તેમને નામના મળી હતી.

ગણિતના દાખલા ગણે સોંડર્સન, ગણિતના દાખલા ગણે રે.
મોખરે સૌથી રહે સોંડર્સન, મોખરે સૌથી રહે રે.
ન્યુટનના અનુગામી બન્યા સોંડર્સન, ન્યુટનના અનુગામી બન્યા રે.
ગણિતના દાખલા ગણે સોંડર્સન, ગણિતના દાખલા ગણે રે.

### (૯) નિકોલસ સોંડર્સન(જન્મ ઇ.સ. ૧૬૮૨):

નેત્રહીન હોવા છતા સામાન્ય શાળામાં તે વિદ્યાર્થીકાળમાં ગણિતના અઘરા દાખલા ગણવામાં હંમેશા મોખરે રહેતો હતો. સર આઈજેક ન્યુટનના અનુગામી તરીકે નિકોલસ સોંડર્સનને કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં નિમણુંક આપવામાં આવી હતી. તેમના ''ઓપ્ટિકસ'' ઉપરના લેકચર્સ વિશે લેખકો લખે છે કે ''માનવજીવનમાં'' ઘણા ચમત્કારો જોવા મળે છે. પરંતુ એક એવી વ્યક્તિ કે જે પોતાની આંખે જોવાની શક્તિ ધરાવતી નથી,તેમ છતાં તે અન્યને પોતાની આંખ કેમ વાપરવી તે શીખવે છે. આ મહાન વૈજ્ઞાનિકે ન્યૂટનના અનુગામી તરીકે કામ કરી કેંમ્બ્રિજ યુનિવર્સિટીમાં 'મહાન ગણિત શાસ્ત્રી' તરીકે નામના મેળવી હતી.

આજે કાગળ પર અણીદાર પિને શબ્દ લખે,
મેલેની હોય એના નામ, કાગળ પર અપણીદાર પિને શબ્દ લખે.
આજે દોરી વડે અક્ષાંક્ષ રેખાંશ તૈયાર કરે,
માહિતી પામે એ વિશાળ.
કાગળ પર અણીદાર પિને શબ્દ લખે.



### (૧૦) મેલેની–ડી–સેલિગ્નાકઃ

કુશાગ્ર સેલિગ્નાકનો જન્મ ઇ. સ. ૧૭૪૧ માં ફ્રાંસમાં થયો હતો. માત્ર બે વર્ષની વયે તેમણે શિતળાના રોગના કારણે આંખોની દષ્ટિ ગુમાવી હતી. તેમણે લાક્ડાના કોતરેલા અક્ષરો વડે શિક્ષણ પ્રાપ્ત ર્ક્યું હતું. તે કાગળ પર અણીદાર પિન વડે લખી શકતી હતી. એટલું જ નહિ દોરી કે તાર વડે અક્ષાંશ-રેખાંશ પણ તૈયાર કરી લેતી હતી. લાકડાંના કોતરેલા અક્ષરો વડે ત કવિતા પણ લખતી હતી. તેમણે ભૂમિતિ જેવા વિષયમાં પણ પ્રગતિ કરી હતી.

આજે કેળવણીના દ્વાર અમે ખોલિયા રે,
મારીયા હોય મારા નામ, કેળવણીના દ્વાર અમે ખોલિયા રે.
આજે પિયાનો વગાડી દિલ અમે જીતિયા રે, રાજાએ આપ્યા અમને માન.
પિયાનો વગાડી દિલ અમે જીતિયા રે.

### (૧૧) કુમારી મારીયા થેરિસા વોન પેરેડિસ :

તેમનો જન્મ ૧૭૫૦માં વિયેનામાં થયો હતો. ત્યાંના રાજા દ્વારા તેને એક શિક્ષક રોકી શિક્ષણ પુરું પાડવામાં આવ્યું હતું. થોડા જ સમયમાં તે પિયાનિસ્ટ તરીકે જાણીતી થઇ ગઇ હતી. તેની કુશાગ્ર બુદ્ધિથી પ્રભાવિત થઇ રાજાએ બસ્સો ફ્રેંચનું વર્ષાસન (કરન્સી) બાંધી આપ્યું હતું. તેની પ્રતિભાથી પ્રભાવિત થઈ અનેક યુવાનો દૃષ્ટિહીનોને મદદ કરતા થયા હતા. જેના કારણે અંધજન શિક્ષણના નવા દ્વાર ખુલવાનો માર્ગ મોક્ળો બન્યો હતો.

વેલેન્ટાઇન હોયઃ

તે એક સનેત્ર વ્યક્તિ હતા. પરંતુ તેઓ નેત્રહીન વ્યક્તિઓના શુભચિંતક હતા. શ્રી વેલેન્ટાઇન હોયનો જન્મ ૧૭૪૫ માં ફ્રાંસ દેશના પાટનગર પેરીસ પાસે આવેલા પિકાર્ડી ગામમાં થયો હતો. તેઓ પોતાનો અભ્યાસ પુરો કરી રાજયના ભાષાંતર વિભાગમાં અનુવાદક તરીકે નોકરીમાં જોડાયા હતા. તે જમાનાના ચિંતકો ડેનીસ ડિડ્રોટ, વોલ્ટર અને રૂસોનાં લખાણોએ વેલેન્ટાઇન હોય ઉપર ઉંડી છાપ પાડી હતી.

સંવેદનાના રંગે રંગાયેલા વેલેન્ટાઇન હોય સાથે ઘટેલી એક ઘટનાનો અહીં ઉલ્લેખ કરવાનું મને મન થાય છે.

ઈ.સ. ૧૭૭૧ માં હોય એક કાફે સેન્ટર પાસેથી પસાર થઇ રહ્યા હતા. તે વેળાએ તેમણે ૧૦ અંધજનોને લોકોનું મનોરંજન કરતા જોયા. અહીં કલાને બદલે દયાનો ભાવ વધુ જોવા મળ્યો હતો. માલિક અંધજનોની દયનીય હાલતનો લાભ ઉઠાવવા તેની પાસે અચરજ પમાડે તેવી પ્રવૃત્તિઓ કરાવતો હતો. આ જોઇ વેલેન્ટાઇન હોયને બહુ દુઃખ થયુ હતું. તેણે આવા લોકાને મુક્તિ અપાવા મનોમન સંકલ્પ કરી લીધો. નિસ્વાર્થભાવે થયેલા કોઈપણ સંકલ્પ પુરો થયા વિના રહેતો નથી. તેને પુરો કરવા ખુદ ઈશ્વરને પૃથ્વી પર ઉતરવું પડે છે.

યુરોપના પ્રવાસે નીકળેલા મારીયા થેરિસાનો પરીચય વેલેન્ટાઇન હોય સાથે થઇ જાય છે. મારિયા તેને અંધજનોના શિક્ષણ વિશે વિગતે વાત સમજાવે છે. હોયના મગજમાં ડેનીસ ડિડ્રોટના રોપાયેલા વિચાર બીજ અંકુરીત થઇ ઉઠે છે. અંધજન શિક્ષણના વેલેન્ટાઇન હોયના વિચારોથી ખુશ થયેલી મારીયા થેરીસા ગાઇ ઉઠે છેઃ

બંધ આંખો નીત સવારે ગાતી મિઠા ગીત,
અંધારાને હાંકી અમે દિલમાં ભરશું પ્રિત.
બંધ આંખો નીત સવારે ગાતી મિઠા ગીત.
ભિતરના ભરોસે હરિવર મેળવી લઇશું જીત,
દશ્ય જગતના અબરખા છોડી જાણી લઇશુ રીત.
બંધ આંખો નીત સવારે ગાતી મિઠા ગીત.
દર્પણ દેખી બોલી આંખો મંગળ સહુનું ભાંખું,
મૃત્યુલોકની માયા ન્યારી ધરપત થોડી રાખું.
બંધ આંખો નીત સવારે ગાતી મિઠા ગીત.
મેઘધનુષી રંગો જેવી ચોમેર દિઠી ભિત,
દિવ્ય આંખો ખોલી 'ઝગમગ' મળવા આવશે મિત.
બંધ આંખો નીત સવારે ગાતી મિઠા ગીત.



**નવા યુગનો ઉદયઃ**
આવા કઠોર સમયનો સામનો કરનાર પ્રજ્ઞાચક્ષુ પંડિતોને વંદન કરતા ''ઝગમગ'' કહે છેઃ

આજે આંખોનાં અજવાળા હરિએ અમને દીધા,
આપ્યો એણે વૈભવ વિશાળ.
આંખોના અજવાળા હરિએ અમને દીધા.
આજેસોળ ક્ળાનો ચંદ્ર ખિલિયો રે, પેરીસ એનું છેમુકામ.
સોળ ક્ળાનો ચંદ્ર ખિલિયો રે.
આજે અંતરના અજવાળે અંધજન આગળ વધે,
આઇ ટીનો આવ્યો મહા યુગ.
અંતરના અજવાળે અંધજન આગળ વધે.

**નવા યુગનો આરંભઃ**
ઈતિહાસમાં ફ્રાંસ કોઇપણ ક્રાંતિનું ઉદ્ગમ સ્થાન રહ્યું છે. અધંજનો માટે નવા યુગનો આરંભ ફ્રાંસમાં અઢારમી સદીમાં થયો હતો.

આજે કોણ કે હું ફ્રાંસ દેશનો માનવી રે,
વેલેન્ટાઇન હોય મારા નામ, કોણ કે હું ફ્રાંસ દેશનો માનવી રે.
આંજે અંધાપાનું મેણું મારે ભાંગવું રે,
અંધ શાળા ખોલું પેરીસ શહેર, અંધાપાનું મેણું મારે ભાંગવું રે.
આજે વલેન્ટાઇન બોલાવે મારીયાજી આવજો રે,
આવજો તમે પેરીસ મોજાડ, વલેન્ટાઇન બોલાવે મારીયા આવજો રે.
આજે વેલેન્ટાઇન બોલાવે મારીયા આવિયા રે,
આવિયા પેરીસ મોજાડ, વેલેન્ટાઇન બોલાવે મારીયા આવિયા રે.

**સંવાદઃ**
મારીયાઃ
વેલેન્ટાઇનજી, વંદન.

અચાનક અમને કેમ યાદ કર્યા! અમારા શું કામ પડયાં!
બોલો, હું આપની શું સહાય કરી શકું?
વેલેન્ટાઇન હોયઃ
તમારે મને અંધજનો ભણી શકે એવી શાળા શરું કરવા જરૂરી જાણકારી આપવી પડશે. એના માટેના સંસાધનો તૈયાર કરવા મદદ કરવી પડશે.

વેલેન્ટાઇન હોય અને મારિયા થેરિસા વચ્ચે આ રીતે સંવાદ ચાલે છે. સુરીલા સંવાદના અંતે વિશ્વની પ્રથમ અંધ શાળનો ૧૭૮૪ માં ફ્રાંસના પેરીસ શહેરમાં ઉદય થાય છે. આ રીતે અંધનજનોના શિક્ષણના દ્વાર ખુલે છે. નવી ખુલેલી શાળામાં તે સમયમા અંધજનોને પ્રચલિત ઈટાલિયન ટાઈપના અક્ષરોને જાડા કાગળ પર ઉપસાવી રેખિય લીપીમાં શિક્ષણ આપવમાં આવતું હતું. અમુક સમય બાદ અંધ વિદ્યાર્થીઓ ડોક્ટર વિલિયમ મુનની લીપીનો વિશેષ ઉપયોગ કરતા હતા.

ઈ.સ. ૩૦૮ થી ઈ.સ. ૧૮૫૪ સુધીના સમયનો ઈતિહાસ તપાસીએ તો અંધજનોને શિક્ષણ આપવા જુદી જુદી પદ્ધતિઓ વાપરવામાં આવતી હતી. જે પૈકી ચાર થી પાંચ પદ્ધતિઓ મુખ્ય હતી. તે આ પ્રમાણે છે.

(૧)દોરડાં પર ગાંઠ વાળી શિક્ષણઃ
(૨)મિણને પિગાળી તેને લાકડાની પાટ પર ઢાળવમાં આવતું. તેના પર કાંપા પાડી અક્ષર તૈયાર કરી વિદ્યાર્થીને શિક્ષણ આપવામાં આવતું હતુંઃ
(૩)કલાઈ ધાતુંમાંથી તૈયાર થયેલા અક્ષરો વડે શિક્ષણઃ
(૪) લાકડાના કોતરેલા અક્ષરો વડે શિક્ષણઃ
(૫) જાડા કાગળ પર તીક્ષ્ણ પીન વડે ઉપસાવેલા અક્ષરો દ્વારા શિક્ષણઃ
આમ અવનવા પ્રયોગો દ્વારા અંધજનોને શિક્ષણ આપવામાં આવતું હતું.

નસીબના વાઘા બદલાયા હો ઝગમગ, નસીબના વાઘા બદલાયા રે,
પંચમના સુર રેલાયા હો ઝગમગ, પંચમના સુર રેલાયા રે.
આશાના કિરણ દેખાયા હો ઝગમગ, આશાના કિરણ દેખાયા રે.

શ્રી જહોન મેડકાફ, ડેનીસ ડિડ્રોટ, મારીયા થેરીસા, મેલેની ડી. સિલિગ્નાક,



વેલેન્ટાઇન હોય જેવા મહાનુભાવોની મહેનતના કારણે જીવન સંગ્રામ ખેલતાં અંધજનોએ સિદ્ધિના શિખરો સર કરવા ડગ માંડયા હતાં. તેમણે નવું શિખવા મથામણ કરી સફળતા મેળવી હતી.

## લુઈ બ્રેઈલ જન્મ મહોત્સવઃ

રુડા અવસર આજ આવીયા, સુરને શબ્દ જડે;
લુઈના જન્મની ઘડીયો ગણાય રે, સુરને શબ્દ જડે.
રુડા અવસર આજ આવીયા, સુરને શબ્દ જડે ;
લુઈના જન્મની ઘડીયો ગણાય રે, સૂરને શબ્દ જડે .
મોનેકના મન હરખાય રે, સુરને શબ્દ જડે;
પારણે લાલિયો હીચકા ખાય રે, સુરને શબ્દ જડે.
રુડા અવસર આજ આવીયા, સુરને શબ્દ જડે;
લુઈના જન્મની ઘડીયો ગણાય રે, સુરને શબ્દ જડે.
સિમોન મિઠાઈ લેવા જાય રે, સૂરને શબ્દ જડે;
આજ ઉત્સવમાં સૌ ભેળા થાય રે, સૂરને શબ્દ જડે.
રુડા અવસર આજ આવીયા, સૂરને શબ્દ જડે;
લુઈના જન્મની ઘડીયો ગણાય રે, સૂરને શબ્દ જડે.
કુપ્વ્રે ગામના લોક આવીયા, સુરને શબ્દ જડે;
હૈયે હરખ બહુ ઉભરાય રે, સુરને શબ્દ જડે.
રુડા અવસર આજ આવીયા, સુરને શબ્દ જડે;
લુઈના જન્મની ઘડીયો ગણાય રે, સુરને શબ્દ જડે.
મહામાનવ લુઇ પધારીયા સુરને શબ્દ જડે;
ઝગમગ હરખન ગીતડા ગાય રે, સુરને શબ્દ જડે.
રુડા અવસર આજ આવીયા, સુરને શબ્દ જડે;
લુઈના જન્મથી ઘડીયો ગણાય રે, સુરને શબ્દ જડે.

સિમોનના આંગણે આજ લુઇનો જન્મ મહોત્સવ ઉજવાય રહ્યો છે. ટોળેવળી લોકો ગાઇ છે...

લુઇનો જન્મ કુપ્વ્રે ગામમાં થાય જો,
સોનાથી મઢાવું લુઇના ગામને.
કુપ્વ્રે મારી યાત્રાનું છે ધામ જો,
સોનાથી મઢાવું લુઇના ગામને.
સુખનો સુરજ પેરીસમાં દેખાય જો,
અજવાળા પથરાવું પૃથ્વી લોકમાં.
લુઇનો જન્મ કુપ્વ્રે ગામમાં થાય જો,
સોનાથી મઢાવું લુઇના ગામને.
છ ટપકાની લીપી તૈયાર થાય જો,
સોનાથી મઢાવું લુઇના કામને.
લુઇનો જન્મ કુપ્વ્રે ગામમાં થાય જો,
સોનાથી મઢાવું લુઇના ગામને.
દુનિયાની ભાષા બ્રેઇલમાં લખાય જો,
સોનાથી મઢાવું લુઇના કામને.
લુઇનો જન્મ કુપ્વ્રે ગામમાં થાય જો,
સોનાથી મઢાવું લુઇના ગામને.
અવતારી આત્માનો કરીએ જયજય કાર જો,
સોનાથી મઢાવું લુઇના કામને.
લુઇનો જન્મ કુપ્વ્રે ગામમાં થાય જો,
સોનાથી મઢાવું લુઇના ગામને.

માતા મોનેક અને પિતા સિમોનના ઘરે કુપ્વ્રે ગામમાં નદી કિનારે આવેલા મકાનમાં લુઇનો જન્મ મહોત્સવ ઉજવાય છે. ખુબ લાડકોડથી તેના માતાપિતા બાળકનો ઉછેર કરતા હોય છે. જોતજોતમાં ત્રણ વર્ષ વીતી જાય છે. પિતાની દુકાન અને ઘર બંને એક જ પરિસરમાં હોવાથી લુઇ અવારનવાર પિતાની દુકાને રમવા માટે પહોંચી જતા હતા.

લુઇની અવરજવર લોકોનું કુતુહલ અને ખુશીનો ઉત્સવ બની ગયો હતો. કુપ્વ્રે ગામના લોકો ગાતા હતા...

આવે રે લુઇ બ્રેઇલ આવે રે લુઇ બ્રેઇલ કુપ્વ્રે ગામમાં આવે રે લુઇ બ્રેઇલ.



દિપ જલે ભાઇ દિપ જલે કુપ્વ્રે ગામમાં દિપજલે.
આવે રે લુઇ બ્રેઇલ આવે રે લુઇ બ્રેઇલ કુપ્વ્રે ગામમાં આવે રે લુઇ બ્રેલ.
હરખ કરે સૌ હરખ કરે, કુપ્વ્રે ગામમાં સૌ હરખ કરે.
આવે રે લુઇ બ્રેઇલ આવે રે લુઇ બ્રેઇલ કુપ્વ્રે ગામમા આવે રે લુઇ બ્રેલ.
કુપ્વ્રે ગામ હિલોળે ચડયું છે. ઉત્સવના વાજિંત્ર વાગે છે.

લુઇના પિતા સિમોન ઘોડે સવારીના ઉપયોગમાં લેવામાં આવતો ચામડાંનો સામાન તૈયાર કરવાંનુ મોચી કામ કરતા હતા. એક દિવસ બાળક લુઇ પિતાની દુકાને રમવા આવી ચડે છે. રમતા રમતા અકસ્માતે અણીદાર સુચો લુઇની આંખમાં ઘુંસી જાય છે. લોહીની ધાર વછુંટે છે. આંખમાં ઇજા થતા દોડધામ મચી જાય છે. દવાખાને સારવાર પણ આપવામાં આવે છે. તેમ છતાં લુઇ બ્રેઇલની આંખ બચી શકતી નથી. લુઇએ થોડા જ સમયમાં ચેપના કારણે બંને આંખોની દષ્ટિ ગુમાવી હતી.

રુદન સાથે સિમોન અને મોનેકનો સંવાદઃ
સિમોન રુદન કરતા તેમના પત્ની મોનેકને કહે છે.
આજ સિમોન કહુંને મોનેક સાંભળો હોં જી...
કહું મારા દિલડાંની વાત...
આજ સિમોન કહુંને મોનેક સાભળો હોં જી...
આજ લુઇ  રે રમતાતા અમારી પાસમાં હોં-જી...
રમતે વાળ્યો વિનાશ...
આજ સિમોન કહુંને મોનેક સાંભળો હોં-જી...
કહું મારા દિલડાંની વાત...
આજ સિમોન કહુંને મોનેક સાંભળો હોં જી...
આજ અમારા ઓજાર વેરી બનીયા હોં જી...
એણે વાળ્યો છે વિનાશ...
આજ ઓજાર આંખોમાં લુઇની વાગિયા હોં જી...
કુટી છે બાલુંડાની આંખ...
આજ લુઇ  રે રમતાતા અમારી પાસમાં હોં જી...
ઓજારે વાળ્યો છે વિનાશ... હોં જી...

આજ અમારા ઓજાર ગોજારા બનીયા હોં જી...
એણે વાળ્યો છે કાળો દાટ...
આજ સિમોન કહુંને મોનેક સાંભળો હોં જી...
આજ મોનેક કહુંને સિમોન સાંભળો હોં જી...
કહું મારા દિલડાંની વાત...
આજ લુઇના જીવન વેરાન બનશે હોં જી...
રોળાશે એના અરમાન...
લુઇના જીવન વેરાન બનશે હોં જી...
અમને લેવાને વિમાન આવશે હોં જી...
લુઇની કોણ લે સંભાળ...
આજ બાળકની જીંદગી કપરી બનશે હોં જી...
નહિ રહે એનો આધાર...

વિધિના લેખ કોણ જાણે છે? રામને ગાદી મળવાની હતી. અચાનક વન જવાનો હુકમ થયો હતો. જો આમ ન બને તો સિતાનું હરણ ન થાય. જો સિતાનું હરણ ન થાય તો રાવણનું મરણ ન થાય. જો લુઇની આંખ ન ફુટે તો બ્રેઇલની શોધ ન થાય. લુઇ સિવાય છ બિંદુની અનોખી લીપી કોઈ આપી શકે તેમ ન હતું. લુઇની આંખોની દૃષ્ટિ જ્વાના કારણે અંધજનોના જીવનમાં અજવાળા પાથરવા લુઇ દ્વારા શોધાયેલી છ બિંદુની લિપિનો સુર્ય ઉગ્યો હતો.

અને એટલે તો દિવ્ય દષ્ટિના દાતા ગાઇ છે...

આંખ મારી ગુમાવી હું અજવાળા આપું.,
જ્ઞાનના પ્રકાશથી હું સુખ સઘળું સ્થાપું.
લાંબુ આયુશ આપી સૌની વહેલી વિદાય માંગુ,
માનવતાના મુલકને હું ઝળહળતું રાખું.
લુઇની આંખ ગઇ પણ નવા યુગનો ઉદય થયો.
રામને વનવાસ મળ્યો પણ રાવણ મરાયો.
આંખોની રોશની ગુમાવી પણ લુઇ ઘડાયો...
લાકડી લઇને લુઇ બ્રેઇલ ચાલે, પિતા એને ચલાવે રે.



પરીસરમાં લુઇ જાતે ચાલે, મોનેક એને વધાવે રે.
લાકડી લઇને લુઇ બ્રેઇલ ચાલે, પિતા એને ચલાવે રે.
મોબિલિટીના પિતા પાઠ ભણાવે, જીવન એના ઉજાળે રે.
લાકડી લઇને લુઇ બ્રેઇલ ચાલે, પિતા એને ચલાવે રે.
પ્રકૃતિના પુષ્પ બતાવે, અવાજની દુનીયા સજાવે રે.
લાકડી લઇને લુઇ બ્રેઇલ ચાલે, પિતા એને ચલાવે રે.
પાદરીનો પરીચય પામે, જ્ઞાનના દીપ જલાવે રે.
લાકડી લઇને લુઇ બ્રેઇલ ચાલે, પિતા એને ચલાવે રે.

પિતા સિમોન રેને અંધ થયેલા પોતાના બાળકને પરિસરમાં આસપાસ ફરવાની તાલીમ આપવાનું શરું કરે છે. લાકડી લઇ બાળક લુઇ પરીસરમાં ફરવા લાગે છે. થોડા સમયમાં તે આસપાસના વિસ્તારમાં લાકડી લઇ ફરવા લાગે છે. એક દિવસ લુઇ ફરતા-ફરતા થોડે દુર આવેલી નદી કિનારે પહોચી જાય છે. ત્યાં તે જુદાં જુદાં પક્ષીઓનાં અવાજ સાંભળી શીખે છે. ધીરે ધીરે આસપાસથી પસાર થતા વાહનો ઓળખતા શીખી જાય છે. પિતા સાથે તે રોજ સવારે ચર્ચમાં દર્શન કરવા જાય છે. ત્યાં દર્શને આવતાં લોકોને અવાજના આધારે તેને ઓળખતા શિખી જાય છે.

થોડા સમય બાદ લુઇ બ્રેઇલને સમધારણ શાળામાં ભણાવા માટે દાખલ કરવામાં આવે છે. શિક્ષક જે ભણાવે તે બાળક લુઇ યાદ રાખી લેતો હતા. ચર્ચના પાદરીના કાને આ વાત પહોચી જાય છે. પાદરી લુઇના પિતાના ગાઢ પરીચયમાં હતા. તેમણે સિમોનને બોલાવી તેના પુત્ર લુઇને પેરીસની અંધ શાળામાં દાખલ કરવા ભલામણ કરી.

આજે પાદરી બોલાવે સિમોન આવજો રે.
આવજો ચર્ચ મોજાડ, પાદરી બોલાવે સિમોન આવજો રે.
આજે પાદરી બોલાવે સિમોને આવ્યા રે,
આવિયા ચર્ચ મોજાડ, પાદરી બોલાવે સિમોન આવ્યા રે.

પાદરીઃ તમે તમારા બાળક લુઇને પેરીસની અંધ શાળામાં
ભણવા માટે દાખલ કરી દો. ત્યાં તેનો વિકાસ થશે.
આજે અમે રે જાશું રે પરીસ શહેરમાં રે લુઇને ભણવાના કોડ,

અમે રે જાંશુ પેરીસ શહેરમાં રે.
આજે અમારા બાળકને તમારી શાળામાં રાખો,
જાગ્યા એને ભણવાના કોડ.
અમારા બાળકને તમારી શાળામાં રાખો.

સિમોનઃ વેલેન્ટાઇનજી અમે કુપ્વ્રે ગામથી આવીએ છીએ. અકસ્માતે થોડા સમય પહેલા અમારો આ બાળક અંધ થઇ ગયો હતો. તેને અમે સમયસર સમધારણ બાળકોની શાળામાં ભણવા માટે દાખલ કરી દીધો હતો. પણ અમારા ચર્ચના પાદરીએ લુઇને અહી ભણાવવા અમને મોકલ્યા છે. તો તમે અમારા બાળકને પ્રવેશ આપશો ને? અહીં તેના વિકાસના દ્વાર ખુલશે. (પ્રવેશ વિધી પુર્ણ કરવામાં આવે છે.)

આજે વિધી પુર્ણ કરી સિમોન ચાલીયા રે.
આવ્યા છે કુપ્વ્રે મોજાડ,
વિધી પુંણ કરી સિમોન ચાલીયા રે.

ઈ.સ.૧૮૧૯માં પિતા સિમોન લુઇ બ્રેઇલને શાળામાં મૂકી પોતાના વતન પરત ફરે છે. બીજી તરફ શાળાના શિક્ષકો દ્વારા લુઇને વાજતેગાજતે અવનવું શીખવવાનો આરંભ કરાવવામાં આવે છે. હોંશે હોંશે લુઇ ભણવા બેસે છે.

લુઇ બ્રેઇલ ભણવા બેઠા હો ઝગમગ લુઇ બ્રેઇલ ભણવા બેઠા રે,
શાળામાં મુલાકાતી આવ્યા હો ઝગમગ શાળમાં મુલાકાતી આવ્યા રે.
બારબિયર એનું નામ હો ઝગમગ બારબિયર એનું નામ રે.
નવો સંદેશો લાવ્યા હો ઝગમગ નવો સંદેશો લાવ્યા રે.

લશ્કરના ઓફિસર બારબિયરઃ

લશ્કરમાં રાત્રીના અંધારામાં જરૂરી સંદેશાઓની આપલે કરવા ''નાઇટ રાઈટિંગ'' સંદેશા સંકેત લીપીનો ઉપયોગ કરવામાં આવે છે. તે અંધજનોના શિક્ષણમાં ઘણી ઉપયોગી થઇ શકે એવી લીપી છે. રાત્રીના અંધારામાં આ લીપીની મદદથી બાર બિંદુના સંકેતમાં સૈનિકોને સંદેશા આપવામાં આવે છે.
જેમકે હુમલો કરવો,
બચાવ કરવો કે મેદાન છોડી નિકળી જવું,



વગેરેઃ
તમે અંધજનોના શિક્ષણમાં તેનો ઉપયોગ કરી શકો છો.
શાળાના શિક્ષકો કે સંચાલકને આ વાતમાં રસ પડયો નહિ પણ લુઇ બ્રેઇલનું મગજ કામે લાગી ગયું.

''બાર ટપકાના સંકેત લાવ્યા હો ઝગમગ બાર ટપકાના સંકેત લાવ્યા રે.
એના અર્ધા કરી નાખ્યા હો ઝગમગ એના અર્ધા કરી નાખ્યા રે.''

ઈ.સ.૧૮૨૦માં ફ્રાંસના ઘોડેસવાર વિભાગમાં ફરજ બજાવતા લશ્કરના ઓફીસર શ્રી ચાર્લ્સ બારબિયર વિશ્વની પ્રથમ સ્થપાયેલી અંધજન શાળાની મુલાકાતે જઇ ચડયા હતા. તેમણે લશ્કરામાં વપરાતી બાર બિંદનું 'નાઇટ રાઇટીંગ' લીપી અંધજનોના શિક્ષણ માટે શેર કરી જે કુશાગ્ર બુદ્ધિ ધરાવતા લુઇ બ્રેઇલને ગમી ગઇ. શાળાના વિદ્યાર્થી, શિક્ષકો અને સંચાલકોના વિરોધ સામે અડીખમ રહી મિત્ર એલેકઝેન્ડરની મદદથી બાર ટપકાંની લીપીને છ ટપકાંમાં રૂપાંરિત કરી ડાબી બાજુ ત્રણ અને જમણી બાજુ ત્રણ એમ બે ઉભી હરોળ એવી જ રીતે બે-બે બિંદુની ત્રણ આડી હરોળ રચી કુલ છ બિંદુનો એકમ તૈયાર કર્યો. લુઇએ લગભગ ઈ.સ. ૧૮૨૮ થી ૧૮૩૨ સુધીના ચાર વર્ષના ગાળામાં કુલ ત્રેસઠ સંજ્ઞાઓ બનાવી દુનિયાની ભાષાઓ લખવા માટેના અક્ષરો નક્કી કર્યા. અને એ રીતે તબક્કાવાર લીપીનો સ્વીકાર થાય તે માટે વિશ્વ પરિષદ સમક્ષ રજુઆત કરવા દરખાસ્ત તૈયાર કરી.

આજે લુઇની લીપીનો જાદુ તમને કહું, છ બિંદુની છે વાત .
લુઇની લીપીનો જાદુ તમને કહું.
આજે લુઇના પ્રતાપે સંજ્ઞા ત્રેસઠ મળી,
હરોળ રચી એની નવ લુઇના પ્રતાપે સંજ્ઞા ત્રેસઠ મળી.
આજે પ્રથમ ત્રણ બિંદુની સંજ્ઞા સાત મળી.
એનો જાદુ છે વિશાળ,
પ્રથમ ત્રણ બિંદુની સંજ્ઞા સાત મળી.

ઝગમગ -

લુઇનો જાદુ અદ્ભુત છે તેની સંજ્ઞા વિશે જાણવા જેવી વાતો લખવા પુરાણો રચવા પડે તેમ છે. બીજા શબ્દોમાં કહું તો ગ્રંથો ભરીને લખી શકાય એવો એનો જાદુ છે, તેને પામવા ગીતના શબ્દો ઘ્યાને લઇએઃ

લૂઈની લિપી ભણવા,
ટેરવે આપો ધ્યાન;
છ બિંદુનો જાદુ જાણવા હૈયે ધરજો હામ.
વાંચન લેખન નીત કરો,
મોટું મળશે માન;
દુનિયાની ભાષા લખવા, એટલું કરજો કામ.
બ્રેઈલનો વૈભવ માણવા, લખશું નવ હરોળ,
ત્રેસઠ સંજ્ઞા શીખવા,
પ્રજ્ઞા જયોત ઉજાળ.
સ્પર્શનું સ્પંદન પામવા,
હરીનું ભજીએ નામ;
યાચું પ્રભુને ભાવથી દિવ્ય દેજે જ્ઞાન.
લુઈની લિપી ભણવા,
ટેરવે આપો ધ્યાન;
છ બિંદુનો જાદુ જાણવા, હૈયે ધરજો હામ.

લુઈની આ શોધનું પરીણામ આપણને અનુક્રમે ઈ.સ.૧૮૩૯, ઈ.સ.૧૮૭૭ અને ઈ.સ.૧૯૩૭માં યોજયેલ વિશ્વ પરીષદમાં થયેલ ચર્ચા વિચારણાના ફળ સ્વરૂપે છેક ૧૯૫૨ માં યોજાયેલી વિશ્વ પરીષદના અંતે લીપીનો સ્વીકાર થતા મળ્યું હતું.
અત્રે એ નોંધવુ ઘટે કે ભારતમાં રેખિય લીપીનો ઉપયોગ થયો હોય તેવો કોઈ ઉલ્લેખ મળતો નથી.. તેનું કારણ હતું ભારતમાં અંધજન શિક્ષણનો ઉદય થયો ત્યારે વિશ્વમાં બ્રેઈલ લીપીનો ઉપયોગ શરું થઈ ગયો હતો.

જોકે ભારતમાં કૂલ દસ બ્રેઈલ લીપીનો ઉપયોગ થતો હતો. તે આ પ્રમાણે છે.
(૧)શરીફ બ્રેઈલ
(૨)ડોકટર છત્રપતિ નીલકંઠ બ્રેઈલ
(૩)તામીલ બ્રેઈલ
(૪)મૈસુર બ્રેઈલ
(૫)ચેટર્જી બ્રેઈલ
(૬)ઓરીયંટ બ્રેઈલ



(૭)શાહ બ્રેઈલ
(૮)મી.પી.એમ. સ્વામીએ તૈયાર કરેલી સિંધી બ્રેઈલ
(૯)યુનીફોર્મ ઈંડિયન બ્રેઈલ
(૧૦)સ્ટાંડર્ડ ઈંડિયન બ્રેઈલ

ભારતમાં પ્રથમ અંધ શાળા ઓગણીસમી સદીના અંતમાં ૧૮૮૭ માં હાલના પંજાબના અમૃતસર ખાતે કુમારી એની શાર્પે સ્થાપી હતી. ત્યારબાદ દક્ષિણમાં પલામકોટા અને પૂર્વમાં કલકત્તામાં થઈ હતી. વિસમી સદીના આરંભમાં મુંબઈમાં બે શાળાઓ શરું થઈ હતી. ગુજરાતમાં નેકનામદાર મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજીની પ્રજાલક્ષી વિચારધારાના કારણે ભાવનગરમાં ૧૯૩૨માં શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળાનો ઉદય થયો હતો. વડોદરાના રાજાએ પણ૧૯૧૫માં મહેસાણામાં અંધ શાળા ખોલી હતી. પણ દેશ આઝાદ થતા રજવાડાનો અંત આવતા તે બંધ થઈ ગઈ હતી.
ગુજરાતની સૌથી જુની ભાવતગરની આ શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા કેળવણી ક્ષેત્રે દિનપ્રતિદિન પ્રગતિ કરી રહી છે. વર્તમાન સમયમાં શાળા તેનો શતાબ્દી મહોત્સવનો દાયકો ઉજવી રહી છે. બંધ આંખોમાં સુર્યના અજવાળા પાથરનાર મહાત્મા લુઈ બ્રેઈલને વંદન હોજો હજાર.

## આરતીઃ

દીવડા ઝગમગમ ઝગમગ થાય,
આરતી લુઈ બ્રેઈલની થાય, દીવડા ઝગમગ ઝગમગ થાય.
લુઈ તારાં બાલુડાં ગુણલા ગાય,લુઈ તમે મળવા આવો તો આનંદ થાય,
દીવડા ઝગમગ થાય.
લુઈ અમે લાવ્યા છીએ બાજટની જોડ,લુઈ તમે બેસો તો આનંદ થાય,
દીવડા ઝગમગ ઝગમગ થાય.
લુઈ અમે લાવ્યા છીએ ફુલનો હાર, લુઈ તમે પહેરો તો આનંદ થાય,
દીવડા ઝગમગ ઝગમગ થાય.

લુઇ અમે લાવ્યા છીએ પ્રસાદનો થાળ લુઇ તમે જમો તો આનંદ થાય,
દીવડા ઝગમગ ઝગમગ થાય.
લુઇ અમે લાવ્યા છીએ જમનાના નીર,લુઇ તમે આચમાન કરો તો આનંદ થાય,
દીવડા ઝગમગ ઝગમગ થાય.
દીવડા ઝગમગ ઝગમગ થાય.

## લુઇ બ્રેઇલ થાળ:

વહેલા વહેલા અવો મહાત્મા લુઇ બ્રેઇલ.
જમવા પધારો તારણહાર જો,
વહેલા વહેલા આવો મહાત્મા લુઇ બ્રેઇલ.
ભાવેણા શહેરમાં શાળા મારી શોભતી,
વિદ્યાનગર એનું છે  મુકામ જો.
ઈ રે સરનામે લુઇ તમે આવજો.
ભુલીને નવ જાશો બીજે ગામ જો.
ભુલીને નવ જાશો બીજે કયાંય જો.
વહેલા વહેલા આવો મહાત્મા લુઇ બ્રેઇલ.
આંધણ-મેલી રંધાવું લુઇ બ્રેઇલ લાપસી,
ઉપર પિરસું ગૌરી ગાયના ઘી જો.
ભોજનિયા કરવાને લુઇ બ્રેઇલ આવજો.
રાહ જુએ શાળાના સૌ બાળ જો.
વહેલા વહેલા આવો મહાત્મા લુઇ બ્રેઇલ.
જળ રે જમનાની ભરી લાવું જારી,
આચમાન કરો તારણહાર જો.
વહેલા વહેલા આવો મહાત્મા લુઇ બ્રેઇલ.
લાવિંગ સોપારીને એલચી મંગાવું,
સાથે રાખું નાગરવેલના પાન જો.



મુખવાસ કરવાને લુઇ બ્રેઇલ આવજો.
રાહ જુએ શાળાના સૌ બાળ જો.
વહેલા વહેલા આવો મહાત્મા લુઇ બ્રેઇલ.
ભાવેણા શહેરમાં શાળા મારી શોભતી.
વિદ્યાનગર એનું છે મુકામ જો.
ઈ રે સરનામે લુઇ બ્રેઇલ આવજો.
ભુલીને નવ જાશો બીજે કયાંય જો.
વહેલા વહેલા આવો મહાત્મા લુઇ બ્રેઇલ...